# હરિજન અને હિન્દુ નેતા તરીકે ડૉ.બી.આર.આંબેડકર

પ્રો.એમ.આર.અડિયોલ

મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૨,ગુ.શિ.સે)

ઈતિહાસ વિભાગ ,એમ.એન.કોલેજ, વિસનગર .

## ❖ પ્રસ્તાવના :-

ભારતીય બંધારણના ઘડવૈયા અને દલિતો તથા હરિજનોના મહાન નેતા બાબા સાહેબનો જન્મ મહારાષ્ટ્રની અસ્પૃશ્ય ગણાતી મહાર જ્ઞાતિના પરિવારમાં ૧૪ એપ્રિલ ૧૮૯૧માં થયો હતો.

૧૪ એપ્રિલ ૧૮૯૧ની રાત પૃથ્વી પર રાતની કાલિમા ઢળી છે. મધ્યરાત્રિનો સમયગાળો,મહારાષ્ટ્રના વિસ્તારની એક લશ્કરી છાવણીમાં ખુશીનું કિરણ પ્રગટી ગયું.પિતા રામજી સકપાલ અને માતા ભીમાબાઈ નાહૈયે ખુશીના ધોધ ઉછળે છે. ભીમાબાઈ એ રૂપકડા પુતરત્ન ને જન્મ આપ્યો છે.

ડૉ.ભીમરાવ આંબેડકર પ્રથમ કોટિના વિદ્વાન,નિષ્ણાંત કયદાશાસ્ત્રા અને પ્રખર સમાજ સેવક હતા. તેમણ જીવનભર સવર્ણ હિન્દુઓ દ્વારા હરીજનો પર કરાતા સામાજિક, આર્થિક અને રાજકીય અત્યાચાર વિરુધ્ધ તેઓ લડતા રહયા. ડૉ.આંબેડકર વર્ણવ્યવસ્થાને સમાજ માટે એક અભિશાપ માનતા હતા. માટે તેઓ જીવનભર અસ્પૃશ્યોના ભૌતિક શૈક્ષણિક અને નૈતિક ઉત્કર્ષ માટે પ્રયત્ન કર્યા.

આમ ભારતીય બધારણના ઘડવૈયા દલિતો અને હરિજનોના મહાન નેતા બાબા સાહેબ જીવનભર સવર્ણ હિંદુઓ દ્વારા હરિજનો પર કરાતા સામાજિક આર્થિક અને રાજકીય અત્યાચાર વિરુધ્ધ લડતા રહયા. આંબેડકર વર્ણવ્યવસ્થાને સમાજ માટે એક અભિશાપ માનતા હતા.

## ❖ શિક્ષણ :-

ભીમરાવની પ્રાથમિક કેળવણીની શરૂઆત થઈ. ભીમરાવના પિતાની અટક સકપાલ હતી. તેઓ મૂળ મહારાષ્ટ્રના રત્નાગીરી જિલ્લાના અંબાવાડે ગામની વતની હતા તેથી નિશાળમાં ભીમરાવની અટક આંબાવડેકર રાખવામાં આવેલી. પરંતુ નિશાળના એક શિક્ષક કે જે ભીમરાવને ખુબ ચાહતા હતા, તેમની અટક આંબેડકર હતી તેથી તેમણે ભીમરાવની અટક નિશાળના રજીસ્ટરમાં સુધારીને આંબાવડેકરને બદલે આંબેડકર રાખી. શરૂઆતની પ્રાથમિક કેળવણી ભીમરાવે મુશ્કેલીઓ વચ્ચે પૂરી કરી.અસ્પૃશ્યતાના

લીધે તેઓએ ઘણું જ સહન કરવું પડયું.ભીમરાવના પિતાને મુંબઈમાં રહેવાનું થયું એટલે ભીમરાવે હાઈસ્કૂલનું શિક્ષણ મુંબઈની એલ્ફીન્સ્ટન હાઇસ્કૂલમાં લીધુ અને સને ૧૯૦૭ માં મેટ્રીકની પરીક્ષા પસાર કરી.મેટ્રિક પાસ થયા પછી ભીમરાવના લગ્ન “રામી” નામની બાળા સાથે થયા.જેનું નામ ભીમરાવે પાછળથી રમાબાઈ રાખ્યું.[1] ભીમરાવ મુંબઇની પ્રખ્યાત એલ્ફીન્સ્ટન કોલેજમાં દાખલ થયા.ભીમરાવે ઈ.સ ૧૯૧૨ માં અંગ્રેજી મુખ્ય વિષય સાથે મુંબઈ યુનિવર્સીટી બી.એ ની પરીક્ષા પસાર કરી.સ્નાતક થયા પછી ભીમરાવ વધુ અભ્યાસ કરી શકે એવા એમના કુટુંબના સંજોગો રહયા ન હતા.વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે ભીમરાવની નિમણૂક રાજયના લશ્કરમાં એક લશ્કરી અધિકારી તરીકે કરી.વડોદરામાં યુવાન ભીમરાવે આભડછેટનાં લીધે ખુબ જ હેરાન થવું પડયું.આ સમયે તા.૨ ફેબ્રુઆરી ૧૯૧૩ ના રોજ ભીમરાવના પિતા રામજી સકપાલનું અવસાન થયું.ભીમરાવને નોકરીને તિલાંજલિ આપવી પડી.પિતાનું મૃત્યુના કારણે મહત્વાકાંક્ષી ભીમરાવને ખુબ જ દુ:ખ થયું.આ સમયે વડોદરાના મહારાજા શ્રી સયાજી રાવ ગાયકવાડ કેટલાક તેજસ્વી અછૂત વિદ્યાર્થીઓને પોતાના ખર્ચે,ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા મોકલવા માંગતા હતા.ભીમરાવની એ માટે પસંદગી થઈ.આમ સને ૧૯૧૩ ના જુલાઇનાં તાજા અઠવાડિયામાં ભારતનો એક અછૂત વિદ્યાર્થી વિદ્યાના ગહન શિખરો શર કરવા ન્યુર્યોક પહોચી ગયો.એમરિકાની પ્રખ્યાત કોલમ્બિયા યુનિવર્સિટીમાં ભીમરાવે ખંતપૂર્વક અભ્યાસ શરૂ કર્યો.અભ્યાસના પરિપાક રૂપે ભીમરાવે પ્રાચીન ભારતીય વ્યાપાર વિષય ઉપર મહાનિબંધ લખી ૧૯૧૫ માં કોલમ્બિયા યુનિવર્સીટી એમ.એ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી.ત્યાર બાદ સતત અભ્યાસ ચાલુ રાખી ૧૯૧૬ માં એમણે પી.એચ.ડી. માટે ‘બ્રિટીશ ભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ’ વિષય ઉપરનો મહાનિબંધ કોલમ્બિયા યુનિવર્સીટીને રજુ કરી દીધો,અને સર્વોચ્ચ એવી પી.એચ.ડી.ની ડીગ્રી મેળવવા ભાગ્યશાળી બન્યા.આમ આંબેડકર હવે ડૉ.આંબેડકર બની ગયા.[2]

હજુ એમની જ્ઞાન માટેની ભુખ સંતોષાયેલી ન હોતી.સને ૧૯૧૬ માં તેઓ અમેરિકાથી ઈંગ્લેન્ડ ગયા અને લંડનમાં કાયદાનો અભ્યાસ શરુ કર્યો સાથે સાથે એમણે અર્થશાસ્ત્રનો અભ્યાસ પણ ચાલુ જ રાખ્યો.પરંતુ પ્રતિકુળ સંજોગોને અને આર્થિક તેમજ કૌટુંબિક મુશ્કેલીઓને કારણે વિદ્યાભ્યાસ છોડી તેમને ભારત પાછા ફરવું પડયું.ઈંગ્લેન્ડથી પાછા આવ્યા પછી તેઓ વડોદરા નોકરી માટે ગયા.મહારાજા ગાયકવાડે આંબેડકરની નિમણુક વડોદરા રાજયના મીલીટરી સેક્રેટરી તરાકે કરી.પરંતુ મુશ્કેલીઓ,આભડછેટ અને અપમાનોના લીધે તેઓ વડોદરામાં સ્થિર થઇ શકયા નહિ,ફરીવાર વડોદરાને તેમણે છેલ્લી સલામ કરી વિદાઇ લીધી.

ડૉ.આંબેડકર હિંમત હારી જાય તેવા પોચા ન હોતા.તેમના પ્રયત્નોને સફળતા મળી ૧૯૧૮ માં મુંબઈની સિડનહામ કોલેજમાં તેઓ પ્રોફેસર તરીકે જાડાયા.આર્થિક ભીંસ ઓછી થવાથી અને થોડા પૈસા બચાવીને તેમજ કેટલીક રકમની મિતા પાસેથી

વ્યવસ્થા કરીને ફરીવાર ડૉ.આંબેડકર ઈંગ્લેન્ડ ગયા,અને કાયદાનો તથા અર્થશાસ્ત્રનો અભ્યાસ ચાલુ રાખ્યો.ડૉ.આંબેડકરની ઈંગ્લેન્ડની સફર પહેલા તેમના પત્ની રમાબાઈએ ૧૯૨૦ માં એક બાળકને જન્મ આપ્યો.જનું નામ યશંવત રાખવામાં આવ્યું,બીજા બે સંતાનો થયા પરંતુ તે જીવી શકયા નહિ.૧૯૨૩માં ડૉ.આંબેડકર બેરિસ્ટર થયા.આજ વખતે ડૉ.આંબેડકરને તેમના મહાનિબંધ "રૂપિયાને પ્રશ્ન" એ વિષય ઉપર લંડન યુનિવર્સીટી એ ડૉકટર ઓફ સાયન્સ ની ઉચ્ચ ડીગ્રી એનાયત કરી.લંડનમાં અભ્યાસ પૂર્ણ થવાથી ડૉ.આંબેડકર જર્મની ગયા અને ત્યાં પ્રખ્યાત બોન યુનિવર્સીટીમાં વિદ્યાભ્યાસ શરુ કર્યો.પરંતુ જર્મનીમાં તેઓ લાંબો સમય રહી શકયા નહિ.તેમને ભારત પાછા ફરવું પડયું.[3]

## ❖ લોકનેતા તરીકે ડૉ.આંબેડકર :-

તા.૧૪ મી ઓગસ્ટ ૧૯૩૨ માં બ્રિટીશ વડાપ્રધાને "કોમ્યુનલ એવોર્ડ" ની જાહેરત કરી.એમાં ડૉ.આંબેડકરની માંગણીઓને ન્યાય આપવામાં આવ્યો હતો.જે ડૉ.આંબેડકરની સફળતા હતી.આ એવોર્ડના વિરોધમાં ગાંધીજીએ તા.૨૦ મી સપ્ટેમ્બરે પુના જેલમાં આમરણાંત ઉપવાસ શરુ કર્યા.આખાયે દેશનું ધ્યાન ડૉ.આંબેડકર ઉપર કેન્દ્રિત થયું.ગાંધીજીનું જીવન ભયમા હતું.દેશના નેતાઓ વચ્ચે મં ણાઓ થઈ.ડૉ.આંબેડકરની ગાંધીજી સાથે મુલાકાર થઇ ગાંધીજી.હિંદુ નેતાઓ અને ડૉ.આંબેડકર છેવટે તા.૨૪ સપ્ટેંબર ૧૯૩૨ માં 'પુના કરાર'થયા,અને સમાધાન થયું.ગાંધીજીએ તા.૨૬ સપ્ટેમ્બરે ઉપવાસના પારણા કર્યા. તાજી અને છેલ્લી ગોળમેજી પરિષદ તા.૧૭ નવેમ્બર ૧૯૩૨ માં મળી.ડૉ.આંબેડકર હવે રાજકારણના સારા એવા અનુભવી થઇ ગયા હતા.ડૉ.આંબેડકર ને પ્રથમથી જ પ્રખ્યાત પુસ્તકો વાંચવાનો અને સંગ્રહ કરવાનો શોખ હતો.ડૉ.આંબેડકરે,દાદર,મુંબઇ માં રહેવા માટે અને ઘણા પુસ્તકો વિશાળ પ્રાઇવેટ લાઇબ્રેરી ઉભી કરવા 'રાજગૃહ'નામનું સુંદર મકાન બંધાવ્યું.ડૉ.આંબેડકર હવે લોકનેતા બની ગયા હતા.તેઓ હંમેશા પ્રવૃતિમય રહેતા હતા.દલિત સમાજના કાર્યોના કારણે તેઓ તેમની પત્ની તેમજ પુ ા ઉપર ખાસ ધ્યાન રાખી શકતા નહિ.તા.૧ જૂન ૧૯૩૫ માં મુંબઈની સરકારે ડૉ.આંબેડકરની નિમણૂક સરકારી લો કોલેજ મુંબઈ ના પ્રિન્સીપાલ તરીકે કરી.અનેક પ્રવૃતિ સાથે સંકળાયેલા હોવા છતાં ડૉ.આંબેડકરે પ્રિન્સીપાલ તરીકેની ફરજો સફળ રીતે બજાવી.ઓગસ્ટ ૧૯૩૬ માં ડૉ.આંબેડકરે ઈન્ડીપેનડન્ડ લેબર પાર્ટી ( સ્વતંત મજૂર પક્ષ) ની સ્થાપના કરી.૧૯૩૭ ની ચુંટણીમાં ડૉ.આંબેડકર ધારાસભામાં ચુંટાઈ આવ્યા.અને ત્યાં તેમને પ્રભુત્વ જમાવ્યું.ઓકટોબર ૧૯૩૯ માં નહેરુની ડૉ.આંબેડકર સાથે પ્રથમ મુલાકાર થઇ.૧૯૪૦ માં ડૉ.આંબેડકરનું પુસ્તક "પાકિસ્તાન ઉપર વિચારો" પ્રકાશિત થયું.જુલાઈ ૧૯૪૧ માં ડૉ.આંબેડકર ભારતના વાઇસરોયની એકઝીક્યુટીવ કાઉન્સીલમાં પ્રતિનિધિ નિમાયા.ડૉ.આંબેડકરે સ્વ બળે અને સમાજના ટેકા સાથે ઉચ્ચ હોદાઓ મેળવવા ચાલુ રાખ્યા.તા.૧૪ મી એપ્રિલ ૧૯૪૨ માં અખિલ

ભારતીય ધોરણે દલિત સમાજે ડૉ.આંબેડકરની ૫૦ મી વર્ષગાંઠની ઉજવણી કરી અને તેમને અભિનંદન અને આશીર્વાદ આપ્યા.તા.૨૦ જુલાઈ ૧૯૪૨ માં ડૉ.આંબેડકરે ભારતના વાઇસરોયની કેબીનેટ માં લેબર મેમ્બર તરીકે નો ચાર્જ સંભાળી લીધો.સરકારના લેબર મેમ્બર તરીકે તેમણે "પીપલ્સ એજયુકેશન સોસાયટી" ના નેજા હેઠળ મુંબઈમાં સિધ્ધાર્થ કોલેજની શરૂઆત કરી.આમ ડૉ.આંબેડકરે જીવનના વિવિધ ક્ષે ાે માં તેમનો નમ્ર ફાળો આપવા કોશિષ કરી.વળી ડૉ.આંબેડકરે "શુદ્રો કોણ હતા?" નામનું પુસ્તક લખ્યું અને તે પ્રકાશિત કરાવ્ય.[૪]

દલિતો અને બિનદલિતો બન્ને માટે ડૉ.આંબેડકરની સૌથી જાણીતી ઓળખ 'બંધારણના ઘડવૈયા'તરીકેની છે.પાંચામા ધોરણના પાઠયપુસ્તક પૂરતી એ ઓળખાણ ઠીક છે,બાકી બંધારણસમિતિ સુધી પહોંચવામાં ડૉ.આંબેડકરનો સંઘર્ષ,તેમની સિધ્ધિ અને છેવટે તેમની નિરાશા-આ કશાનો ખ્યાલ 'બંધારણના ઘડવૈયા' વિશેષણમાંથી મળતો નથી.

ડૉ.આંબેડકર બેશક બંધારણની ડ્રાફ્ટિંગ કમિટીના અધ્યક્ષ હતા.પરંતુ ત્યાં સુધી પહોંચવાનો તેમનો રસ્તો ભૂલી જવા જેવો નથી.ડૉ.આંબેડકર એ સમયની કોંગ્રેસને કારણે નહીં,પણ તેના હોવા છતાં બંધારણ સમિતિમાં પહોચ્યા હતા,એમ કહેવામાં ખાસ અતિશયોક્તિ નથી.

આઝાદી પહેલાંની ચૂંટણીમાં ડૉ.આંબેડકરના પક્ષ શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનને ભારે પરાજય મળ્યો.ત્યાર પછી સ્ટેફર્ડ ક્રિપ્સનું ાણ સભ્યોનું પ્રતિનિધિમંડળ ભારત આવ્યું.ત્યારે અસ્પૃશ્યોના પ્રતિનિધિ તરીકે તેમણ રજૂઆત કરી.(એ સમયે દલિતો માટે 'અસ્પૃશ્ય' શબ્દનો પ્રયોગ થતો હતો.) ૧૯૪૬ માં તેમણે કરેલી આ માગણીઓમાં અસ્પૃશ્યો માટે સરકારી નોકરીમાં અનામત,લોકસભા-વિધાનસભામાં પૂરતું પ્રતિનિધિત્વ,અસ્પૃશ્ય વિધાર્થીઓને કેળવણી માટે પૂરતા પ્રમાણમાં સહાય વગેરેનો સમાવેશ થતો હતો.આ માગણીઓનો બંધારણમાં સમાવેશ કરવાનું ડૉ.આંબડકરે સૂચવ્યું ત્યારે ભાગ્યે જ અંદાજ હતો કે ટૂંક સમયમાં તે બંધારણ સમિતિમાં પહોંચવાના છે.[૫]

કોંગ્રેસ અને ડૉ.આંબેડકરના પક્ષ વચ્ચે ભારે અથડામણો થઇ.પૂણેમાં મુંબઇ વિધાનસભાની બેઠક યોજાઇ ત્યારે ડૉ.આંબેડકરના ટેકેદારોએ તેની સામે અહિંસક સત્યાગ્રહ અને વિરોધ પ્રદર્શન કર્યાં.એ સંજોગોમાં કોંગ્રેસ ડૉ.આંબેડકરની ઉમેદવારીને ટેકો આપે અને તે બંધારણસભામાં ચૂંટાય એવો પ્રશ્ન જ ન હતો.ડૉ.આંબેડકર બંગાળમાં અનુસૂચિત જાતિની બેઠક પરથી,કોંગ્રેસના નહીં પણ મુસ્લિમ લીગના ટેકાથી ચૂંટાયા અને બંધારણસભામાં પહોંચ્યા.ત્યાર પછી પણ કોંગ્રેસી નેતાઓ અને કાર્યકરા સાથેનો તેમનો સંઘર્ષ ચાલુ રહયો.

કોંગ્રેસ અને ડૉ.આંબેડકર વચ્ચેના મતભેદોનો એક મુખ્ય મુદ્દો એ હતો કે ડૉ.આંબેડકર દલિતોના પ્રતિનિધિ છે એવું સ્વીકારવા કોંગ્રેસ તૈયાર ન હતી.તે પોતે દલિતો સહિત સૌનું પ્રતિનિધિત્વ કરે છે,એવો કોંગ્રેસનો દાવો હતો અને એ સ્વીકારવા માટે ડૉ.આંબેડકર તૈયાર ન હતા.બલ્કે,તેમને ભારે ચિંતા હતી કે અંગ્રેજો એક વાર કોંગ્રેસના હાથમાં સતા સોંપી જશે,તો દલિતો માટે માંડ ઉભી થયેલી તક રોળાઇ જશે.પરંતુ ૯ ડિસેમ્બર,૧૯૪૬ ના રોજ મળેલી બંધારણસભાની બેઠકમાં ડૉ.આંબેડકરના પ્રભાવશાળી પ્રવચનથી આખી પરિસ્થિતિ બસલાઇ ગઇ.આતરિક પક્ષા પક્ષી ભૂલીને વ્યાપક સ્તરે કામ કરવાની તેમની તૈયારીથી કોંગેસીઓની તેમના પ્રત્યેની દૃષ્ટિ બદલાઇ ગઇ.ડૉ.આંબેડકરના ચારિતકાર ધનજય કીરે નોંધ્યુ છે તેમ, 'બહુ થોડાં ભાષણો એ કોઇ વકતાના જીવનને આવો વળાંક આપ્યો છે.'[૬]

બંધારણસભામાં સરદાર પટેલે ૨૯ એપ્રિલ,૧૯૪૭ ના રાજ અસ્પૃશ્યતાની રૂઢિ નાબૂદ કરવાની જોહરાત કરી,ત્યારે પણ ડૉ.આંબેડકર એ સભાના સભ્ય જ હતા.ડ્રફ્ટિંગ કમિટિના અધ્યક્ષ બન્યા ન હતા.કદાચ એટલા માટે જ,આ જાહેરત બદલ ગાંધીજીની અને કોંગેસની વિશ્વભરમાં પ્રશંસા થઇ પણ તેમાં ડૉ.આંબેડકરના પ્રદાનનું નામોનિશાન ન હતું.

ડૉ.આંબેડકર જે બંધારણ સમિતિમાં જોડાયા તે અખંડ ભારતની હતી.૧૫ જુલાઇ,૧૯૪૭ ના રોજ બ્રિટને ભારતની આઝાદી અંગેનો ઠરાવ પસાર કરતાં બંધારણ સમિતિ અલગ ભારતની બની.દેશના બે ભાગ પડતાં બંધારણ સમિતિમાં બેઠકોની સંખ્યા પણ એ પ્રમાણે ઘટી,ડૉ.આંબેડદર બંગાળમાંથી ચૂંટાઇને આવ્યા હતા અને બંગાળના બે ભાગ પડયા.એટલે આંબેડકરને પોતાની બેઠક ગુમાવવી પડે એવી સ્થિતિ આવી.પરંતુ ત્યાં સુધીમાં કોંગેસ તેમને અપનાવી લીધા હતા.એટલે આ વખતે મુંબઇ વિધાનસભા કોંગેસના ટેકાથી તે ચૂંટાયા અને ફરી એક વાર,અખંડ નહિ પણ ભારતની બંધારણ સભામાં પહોંચ્યા.જુલાઇના અંતમાં નવું મં ત્રીમંડળ રચાયું ત્યારે ડૉ.આંબેડકર તેમાં કાયદાપ્રધાન તરીકે નીમાયા.અત્યાર સુધી વર્ગમાં અળખામણા બની રહેલા ડૉ.આંબેડકર પ્રધાન બનતાં અચાનક ઘણા લોકોને અને અખબારો પણ તેમની સિધ્ધિનો ખ્યાલ આવ્યો.તેમના ચરિ ત્રકાર ધનંજય કીરે નોંધ્યા પ્રમાણે,મુંબઇના બાર એસોસિએશને 'પોતાન માણસ' તરીકે ડૉ.આંબેડકરનું સન્માન કર્યું.

પ્રધાન પદ પછીના મહિને,૨૯ ઓગસ્ટ,૧૯૪૭ ના રોજ બંધારસમિતિએ બંધારણનો મુસદ્દો ઘડવા માટે ડાફ્ટિંગ કમિટિની રચના કરી અને તેના પ્રમુખ તરીકે ડૉ.આંબેડકરને નીમવામાં આવ્યા. 'જાતિવાદી'-'મનુવાદી'રૂઢિના આધારે ચાલતા ભારતના બંધારણે મુસદ્દો તૈયાર કરવાનું કામ એક દલિત હાંસલ કરે,તે ઐતિહાસિક બાબત હતી અને બંધારણની પ્રક્રિયા પૂરી થયા પછી ડૉ.આંબેડકર 'આધુનિક મનુ' જેવા વિશેષણથી નવાજાયા એ ઈતિહાસનો વિશિષ્ટ કટાક્ષ અથવા વિરોધાભાસ, પ્રદાન અને

પ્રહાર બંધારણની ડાફ્ટિંગ કમિટિના ચેરમેન હોવામાત્રથી-ફક્ત હોદ્દાની રૂએ-ડૉ.આંબેડકર 'બંધારણના ઘડવૈયા' બની ગયા.[7]

એવું ન હતું કે કુલ સાત સભ્યોની નિમણૂંક આ કામ માટે થઇ હતી.પરંતુ એ સાતેયનો હિસાબ બંધારણસમિતિમાં ટી.ટી.કૃષ્ણામાચારીએ આપેલા ભાષણ( ૫ નવેમ્બર, ૧૯૪૮) પરથી મળે છે.સાતમાંથી એક સભ્યે રાજીનામું આપ્યું.તેમની જગ્યા ખાલી રહી .બીજા એક સભ્ય મૃત્યુ પામ્યા.તેમની જગ્યા પણ ખાલી પડી. ત્રીજા સભ્ય અમેરિકા ગયા એટલે તેમની પણ ગેરહાજરી જ બોલતી હતી.ચોથા સભ્ય રજવાડાંની કામગીરીમાં એટલા વ્યસ્ત હતા કે ડાફ્ટિંગ કમિટિ માટે સમય આપી શકયા નહિં.બે સભ્યો દિલ્હીથી દૂર હતા,એટલે તેમનો લાભ મળી શકયો નહી.છેવટે રહયા એકલા ડૉ.આંબેડકર,ધનંજય કીરે નોંધ્યુ. છે કે 'લેખનસમિતિની બેઠકમાં અનેક વાર આંબેડકર અને તેમનાં મંત્રી એમ બે જ જણ ઉપસ્થિતિ રહેતા હતા.'આમ,આ મહાકાર્ય ડૉ.આંબેડકરે અને નાદુરસ્ત તબિયતે લગભગ એકલા હાથે (બીજા સભ્યોની નહીં,પણ સાથીદારોની સહાયથી) પુરું કાર્યું.

બંધારણનો પહેલા ખરડો તેમણે ફેબ્રુઆરી,૧૯૪૮ માં બંધારણ સમિતિના પ્રમુખ ડૉ.રાજેન્દ્રપ્રસાદને સુપ્રત કર્યો.૩૧૫ કલમો અને ૮ પરિશિષ્ટનું બંધારણ તૈયાર કરવામાં ડૉ.આંબેડકર બહુ સમય લીધો છે એવી પણ છાપ એ વખતે ઊભી થઇ હતી.એ પ્રચલિત છાપના આધારે વિખ્યાત કાર્ટૂનિસ્ટ શંકરે એક એવું કાર્ટૂન તત્કાલીન રાજકીય પરિસ્થિતિનું પ્રતિબિબ પાડતું હતું અને તેમાં ડૉ.આંબેડકરનું વ્યક્તિગત અવમૂલ્યન થતું હોય એવું પુખ્ત વાચકોને લાગે નહિં.પરંતુ એન.સી.ઈ.આર.ટી.ના કિશોરો માટેના પાઠયપુસ્તકમાં એ કાર્ટૂન મુકાતાં આ મહિને તેનો વિવાદ થયો.[8] પૂરતી રાજકીય સમજ કે પરિપ્રેક્ષ્ય ન હોય અવાં વિદ્યાર્થીઓ આ કાર્ટૂનમાંથી ખોટો અર્થ ગ્રહણ કરે એ આશંકા યોગ્ય હતી.

ડૉ.આંબેડકર કે બંધારણ વિશે બીજી કશી જ ખબર ન હોય એવા કેટલાક એવું કહી નાખે છે કે એમણે તો બીજા દેશોનાં બંધારણમાંથી ઉતારો કર્યો છે.આ આરોપ ત્યારે પણ થયો હતો અને ડૉ.આંબેડકરે તેના સચોટ જવાબ આપ્યો હતો.તેમણે કહયું હતું કે રાજય બંધારણની મર્યાદા અથવા કક્ષા શી હોઈ શકે એ પહેલેથી જ નક્કી થયેલું છે.એવી જ રીતે બંધારણના મૂળભૂત સિધ્ધાંત કયા હોવા જોઈએ તેનો પણ આખા વિશ્વમાં સ્વીકાર થયેલો છે.આધુનિક કાળમાં તૈયાર થયેલા આ બંધારણમાં જો કોઇ નવી વાત હોય તો એ બંધારણના દોષો નિવારવા અને દેશની જરૂરિયાત પ્રમાણે તેમાં કરેલા ફેરફારો હોઇ શકે.ભારત સરકારના ૧૯૩૫ ના કાયદાનો આ બંધારણે ઘણો જ ઉપયોગ કર્યો છે.એ સંબંધમાં શરમાવાનું કોઇ કારણ નથી.

બંધારણની બધી કલમો પર વારાફરતી ચર્ચા અને જરૂર પ્રમાણે ફેરફાર-સુધારવધારા થતા રહયા.નવેમ્બર ૨૯,૧૯૪૮ ના રોજ અસ્પૃશ્યતાનાબૂદી લગતી

બંધારણની ૧૧મી કલમ સ્વીકારવામાં આવી.પ્રચંડ જયજયકાર થયા.શરૂઆત તરીકે એ યોગ્ય હતું,પણ ત્યાર પછીની વાસ્તવિકતા સૌ જાણે છે.બંધારસમિતિ સમક્ષ પોતાનો પ્રતિભાવ આપવા ઉભા થયેલા ડૉ.આંબેડકરે ઇતિહાસ તાજો કર્યો અને ભારતની જનતાની પોતાની જ વિશ્વાસઘાતી અને દેશદ્રહી મનોવૃતિઓ કેવી રીતે ભૂતકાળમાં ભારત ગુલામ બન્યું તેની યાદ અપાવીને તેમણે કહ્યું કે બંધારણ ગમે તેટલું સારું હોય કે ખરાબ,પણ છેવટે તે કેવું નીવડે છે તેનો આધાર રાજયકર્તા ઉપર છે.એ તેનો કેવો ઉપયોગ કરે છે તે મહત્વનું છે.જ્ઞાતિ અને પંથ વચ્ચેના ભેદભાવ ધરાવતા ભારતમાં એકબીજા સાથે લડતાં રાજકીય પક્ષોનો ઉમેરો થયો છે એ તરફ ધ્યાન દોરીને ડૉ.આંબેડકરે કહ્યું કેએ લોકો દેશના હિત કરતાં પક્ષનું હિત વધારે સમજશે તો ભારતની આઝાદી માટે બીજી વાર ખતરો પેદા થશે.

આઝાદી પછીનાં થોડાં વર્ષોમાં બંધારણની કેટલીક મર્યાદાઓ દેખાવા લાગી.ભાષાવાર પ્રાંતરચનાના અને અલગ આંધ્રપ્રદેશના સર્જન વખતે સરકાર સાથે તેમને સંઘર્ષ થયો હતો.અલગ આંધ્રના ખરડામાં દલિતો પર થતા અત્યાચાર બાબતે કાયદા પ્રધાન કૈલાસનાથ કાત્જુએ કોઇ ખાસ જોગવાઇ રાખી ન હતી.બંધારણમાં પણ લઘુમતીનાં હિતોની રક્ષા માટે રાજયપાલોને વિશેષ અધિકાર ન હતા.એ બાબતે દુ:ખ વ્યકત કરતાં ડૉ.આંબેડકર કહ્યું,લોકો મને સતત કહે છે કે તમે બંધારણના ઘડૈવયા હું એ લોકોને કહું છું કે હું તો ભાડૂતી લેખક હતો.મને જે કંઇ કરવા કહ્યું તે મેં મારા પોતાના મતથી વિરુધ્ધ જઇને કર્યું.તેમના આ વિધાનમાં પ્રકૃતિસહજ રોષ અને ગુસ્સાના મોટો હિસ્સો હતો.છતાં બંધારણના ઘણા અંશો તેમની મરજી મુજબના ન હતા એ સચ્ચાઇ હતી.

પોતે જ ઘડેલા બંધારણ વિશે આદર-અનાદરની ડૉ.આંબેડકરની અવઢવ વ્યાપક અર્થમાં નહીં,પણ મુદ્દા આધારિત સમજી શકાય એવી છે.બંધારણની મર્યાદા હોય તો પણ એ તેમનાં મહત્વનાં જીવનકાર્યોમાંનું એક છે.તેના સમૂળગો ઇન્કાર ખુદ ડૉ.આંબેડકરનું અવતરણ આગળ ધરીને પણ કરી શકાય એમ નથી.સાથોસાથ,તેની સાથે જોડાયેલો ઘટનાક્રમ સાવ ભૂલી ન જવાય,એ પણ એટલું જ જરૂરી છે.

### ❖ ડૉ.આંબેડકરના દલિતો માટેના પયાસો :-

ડૉ.આંબેડકરે ઉપરોકત પગલાં પછાત જાતિઓ અને અસ્પૃશ્યો ની સ્થિતિ સુધારવા માટે ઘણા અપર્યાપ્ત ગણાવ્યાં.તેમના મત મુજબ અસ્પૃશ્યતા એ માત સામાજિક અનિષ્ટ નથી પરંતુ અનૈતિક પાપ મય અને ગેરકાયદેસર રિવાજ પણ છે માટે એ ધોરણે તેની સામે લોકો સંસ્થાઓ અને સરકાર દ્વારા પગલાં લેવવાં જોઈએ.માત મંદિર પ્રવેશથી અસ્પૃશ્યોના પ્રશ્ન ઉકલી શકે નહિં કે તેમની સ્થિતિ માં સુધારો થઈ શકે નહિ.અસ્પૃશ્યોમાં ઉચ્ચ શિક્ષણ સામાજિક સ્થાન સારા નોકરી-ધંધા અને અન્ય હિન્દુઓ

ને મળતી સગવડો નો પણ તેમને માટે પ્રબંધ કરવો જોઈએ મંદિર પ્રવેશ કે જાહેર સ્થાનોના ઉપયોગ કરતાં તેમના ઉત્કર્ષ માટે રાજકીય,આર્થિક તથા સામાજિક સમાનતા વધારે મહત્વની છે.ડૉ.આંબેડકર ચેતવણી ઉચ્ચારી કે આમ નહિ બને અને જ્ઞાતિ પ્રથા તથા ઊંચનીચના ભેદભાવ નાબુદ નહિ થાય તો અસ્પૃશ્યોને સામૂહિક રીતે ધર્મપરિવર્તન કરવાની ફરજ પડશે.પછીથી ડૉ.આંબેડકરે આ ચેતવણીનો અમલ પણ કર્યો અને તેમણે પોતાના અનુયાયીઓના મોટા સમુદાય સાથે બૌધ્ધ ધર્મનો અંગીકાર કર્યો.[૯]

## પાદ નોંધ


(૧) પટેલ પ્રકાશ.એસ, આધુનિક ભારતના ઘડવૈયાઓનો ઈતિહાસ, દામીની પબ્લિકેશન્સ, પથમ આવૃતિ-૨૦૧૨, પ-૯૩

(૨) પરિખ પ્રવીણચંદ્ર, ભારતીય સંસ્કૃતિઃ સ્વરૂપ અને વિકાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ, પથમ આવૃતિ –૨૦૦૧, પ-૨૪.

(3) પૂર્વોક્ત, પટેલ પ્રકાશ.એસ, પ-૯૪.

(૪) દલિત દિવાકર, લાખોના લાડીલા લોક નેતા ડૉ.આંબેડકર, નવભારત સાહિત્ય મંદિર, ગાધી રોડ અમદાવાદ, પથમ આવૃતિ-૧૯૮૯, પ-૧૧૫.

(૫) એંજન, પ-૧૧૬.

(૬) પૂર્વોક્ત, ડૉ.પ્રવીણચંદ્ર પરિખ, પ-૨૭.

(૭) પૂર્વોક્ત, દલિત દિવાકર, પ-૧૧૮.

(૮) એંજન, પ-૧૧૬.

(૯) ધારૈયા.આર.કે, આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંતય સંગ્રામો, ભાગ-૨, યુનિ, ગથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ, પાચમી આવૃતિ-૨૦૧૧, પ-૩૮૯.

## સંદર્ભસૂચિ


(૧) દલિત દિવાકર,લાખોના લાડીલા લોક નેતા ડૉ.આંબેડકર,નવભારત સાહિત્ય મંદિર,ગાંધી રોડ અમદાવાદ,પ્રથમ આવૃતિ-૧૯૮૯.

(૨) ધારૈયા.આર.કે,આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતતય સંગ્રામો,ભાગ-૨,યુનિ,ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજય,અમદાવાદ,પાંચમી આવૃતિ-૨૦૧૧.

(3) પટેલ પ્રકાશ.એસ,આધુનિક ભારતના ઘડવૈયાઓનો ઈતિહાસ,દામીની પબ્લિકેશન્સ,પ્રથમ આવૃતિ-૨૦૧૨.

(૪) ડૉ.પરિખ પ્રવીણચંદ્ર,ભારતીય સંસ્કૃતિઃસ્વરૂપ અને વિકાસ,યુનિવસિર્ટી ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ,પ્રથમ આવૃતિ-૨૦૦૧.